**ફોજદારી કેસ નં. ૨૫૯૩/૨૦૨૨**

## <u>આંક ૦૧ લગત હુકમ</u>

૧. આ કામના આરોપી વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ પો. સ્ટે. સુરત ખાતે ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૩૫(૧) મુજબ વીજચોરી અંગે ફરીયાદ કરવામાં આવેલ છે. જે કામે તપાસ દરમિયાન આરોપી દ્વારા વીજચોરીની રકમ તથા કંપાઉન્ડીગ ચાર્જની રકમ ભરપાઇ કરવામાં આવેલ હોય ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ માંડવાળ રીપોર્ટ મંજુર કરવા વિનંતી કરેલ છે.

૨. સદર રીપોર્ટની વિગતો વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ વીજ ચોરી અંગેની ફરીયાદ દાખલ થયા બાદ આરોપી દ્વારા વીજચોરીની રકમ કંપાઉન્ડીગ ચાર્જ સાથે ભરપાઇ કરેલ છે. જેથી ફરીયાદી તર્ફે આ કાયદાની કલમ ૧૫૨ મુજબ ગુનાની કાર્યવાહીમાં માંડવાળ કરવા સારૂ ફરીયાદી માંડવાળ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે અને તે અનુસંધાને તપાસ કરનાર અમલદાર દ્વારા પોલીસ ઇન્સ્પેકટર, જી.યુ.વી.એન.એલ પો.સ્ટેશન નાઓને વિનંતી રીપોર્ટ કરતાં પોલીસ ઇન્સ્પેકટર દ્વારા માંડવાળ રીપોર્ટ મંજુર કરવા વિનંતી કરેલ છે. સદર રીપોર્ટ અનુસંધાને સરકાર તર્ફે કોઇ વિરૂધ્ધની રજુઆત કરવામાં આવેલ નથી.

૩. આજરોજ ફરીયાદી ડી. જી. વી. સી. એલ તરફથી અધિકૃત અધિકારી હાજર રહેલ હોય તેઓને સાંભળવામાં આવેલ છે. તેઓની રજુઆત મુજબ આરોપીએ વીજચોરી તથા કંપાઉન્ડીગ ચાર્જની રકમ ભરપાઇ કરી આપેલ હોય હાલની ફરીયાદ ચલાવવાની રહેતી ન હોય માંડવાળની પ્રક્રીયા પુર્ણ થયેલ હોય ફરીયાદ બાબતે જરૂરી હુકમ થવા રજુઆત કરેલ છે. આ સંજોગોમાં રેકર્ડ પરની હકીકતો ધ્યાને લઇને તથા ઇલેક્ટ્રીસીટી એક્ટની જોગવાઇઓ લક્ષમાં લેતાં તેમજ કલમ ૧૫૨ ની જોગવાઇ વંચાણે લેતાં જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય અને કેસનો માંડવાળ થયેલ હોવાથી નિકાલ કરવાની ફરીયાદપક્ષની રજુઆત હોય ત્યારે અદાલતે કોઇ સંજ્ઞાન લેવાની જરૂરીયાત રહેતી નથી.

૪. હાલના તબકકે ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ ની જોગવાઇ વંચાણે લેવામાં આવે તો,

**<u>Section 152 (Compounding of offences):</u>**

(1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure 1973, the Appropriate Government or any officer authorized by it in this behalf may accept from any consumer or person who committed or who is reasonably suspected of having committed an offence of

theft of electricity punishable under this Act, a sum of money by way of compounding of the offence as specified in the Table...

(2) Provided that the Appropriate Government may, by notification in the Official Gazette, amend the rates specified in the Table above.

(3) On payment of the sum of money in accordance with sub-section (1), any person in custody in connection with that offence shall be set at liberty and no proceedings shall be instituted or continued against such consumer or person in any criminal court.

(4) The acceptance of the sum of money for compounding an offence in accordance with sub-section (1) by the Appropriate Government or an officer empowered in this behalf empowered in this behalf shall be deemed to amount to an acquittal within the meaning of section 300 of the Code of Criminal Procedure, 1973.

(5) The Compounding of an offence under sub-section (1) shall be allowed only once for any person or consumer.

૫. ઉપરોકત કલમ ૧૫૨ ની જોગવાઇ ધ્યાને લેતાં માંડવાળ અંગે જોગવાઇ કરવામાં આવેલ છે અને તે મુજબ માંડવાળ થયેલ કેસમાં ફોજદારી કાર્યવાહી થઇ શકશે નહી અને ક્રિ.પો.કોડની કલમ ૩૦૦ અન્વયે આરોપીને ગુનામાંથી છોડી મુકવામાં આવેલ છે તેમ ગણવામાં આવશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. સદર કામે ફરીયાદી દ્વારા માંડવાળ કરવા રજુઆત કરેલ છે તેમજ આરોપી દ્વારા વીજચોરીની રકમ કંપાઉન્ડીગ ચાર્જની રકમ સાથે ભરપાઇ કરવામાં આવેલ હોય સદર કામે સંજ્ઞાન લેવાનું રહેતુ નથી. સદર હકીકતે ઘી ઇલેકટ્રીસીટી એકટની કલમ ૧૫૨ ની જોગવાઇ ધ્યાને લઇ હાલના રીપોર્ટ અનુસંધાને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ માંડવાળ રીપોર્ટ ઘી ઇલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ અન્વયે મંજુર રાખી આરોપીને આક્ષેપીત ગુના સબબ છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૨ માહે નવેમ્બર, ૨૦૨૨ ના દિને નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ)**
એડી. ચીફ જયુડી. મેજી.
માંડવી, જી. સુરત
(જીજે-૧૦૫૩)